

## પાલનપુરમાં સદભાવના ગ્રુપ દ્વારા દર્દીઓ માટે મફત રીક્ષા સેવા શરુ કરાઈ

પાલનપુર શહેરમાં જરૂરિયાત મંદ દર્દીઓ તેમજ વિકલાંગો ને રાત્રી ના સમય માં દવાખાના માં લઈ જવા માટે સદભાવના ગ્રુપ દ્વારા બે મફત રીક્ષા સવારી ની સેવાનો આજ થી શુભારંભ કરવામાં આવ્યો છે.પાલનપુર ની સેવાભાવી સંસ્થા સદભાવના ગ્રુપ દ્વારા રાત્રે ૧૦ થી સવાર ના ૬ વાગ્યા સુધી દવાખાના પર પહોંચવું હોય તો ઘરે થી જરૂરિયાત મંદ લોકો ને એક કોલથી રીક્ષા લેવા આવશે તેવો નવતર અભિગમ સેવાભાવી સંસ્થા સદભાવના ગ્રુપે અપનાવ્યો છેઆજરોજ .શહેરના હાર્દ સમા ગુરુનાનક ચોક થી શ્રીફળ વધેરી બે રીક્ષા ઓની મફત સેવા નો શુભારંભ કરવામાં આવ્યો છે.મિડિયા સાથે ની વાતચીત માં સદભાવના ગ્રુપ ના પ્રમુખ હરેશ ચૌધરી એ જણાવ્યું હતું કે પાલનપુર શહેરમાં અંધ અને હેન્ડીકેપ તેમજ જરૂરિયાત મંદ લોકો મફત રીક્ષા સવારી નો લાભ લઈ શકશે તેમજ જરૂર પડશે તો આગામી સમય માં વધુ રીક્ષા શરુ મફત સેવા પુરી પાડવામાં આવશે.

# પ્રાંતિજની દયનીય સ્થિતિ, જ્યાં જુઓ ત્યાં ભૂવા

### ત્રણેય મેન રોડ ગટરલાઈનના કારણે બિસ્માર હાલતમાં : પ્રજાને હાલાકીઓ, સત્તાધિશો ઉંઘમાં



પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગટરલાઈનના કામને લઈને પ્રાંતિજની પરિસ્થિતિ વિસરી છે અને છેલ્લા ચાર મહિનાથી ગામમાં પ્રવેશવાના ત્રણેય મેન રોડ ગટર લાઈનના કારણે દૂર્દશા થઈ છે અને પ્રાંતિજવાસીઓને ટુ વ્હિલર લઈને તો શું ચાલીને જવામાં પણ હાલાકીઓ પડે છે. ત્યારે જેની જવાબદારી છે તે તંત્ર આળસ ખંખેરી સત્વરે પગલા ભરે તેવી માંગ ઉઠવા પામી છે.

પ્રાંતિજ નગરમાં અંકિતા કન્સકસ્ટ્રન દ્વારા આડેધડ ગટરલાઈનનું ખોદકામ કરવામાં આવતાં પ્રાંતિજના મુખ્ય માર્ગો સહિત અંદરના રસ્તાઓની હાલત કફોડી બની છે અને સોસાયટીઓ તથા શોપીંગોમાં આવેલ દુકાનદારોના ધંધાઓ ઉપર અસર જોવા મલી છે. ત્યારે ચોમાસુ આગળ આવતુ હોવા છતાં અંકિતા કન્સ્ટ્રકશન દ્વારા આડેધડ ખોદકામ કરી દેતા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં ચોમાસાને લઈને ભૂવા, ખાડા, ગંદકી થતાં પ્રાંતિજવાસીઓની સ્થિતિ દયનીય બની છે. ત્યારે જેમની જવાબદારી છે તે તંત્ર હાલ ઘોર નિંદ્રામાં હોય તેવું જણાઈ આવે છે. છેલ્લા ચાર મહિનાથી પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાંથી રાહ ઉઠવા છતાં સત્તાધિશો દ્વારા ઘોરનિંદ્રામાં હોય તેવું હાલ તો જણાઈ આવે છે. હવે જોવાનું એ રહ્યું કે પ્રાંતિજવાસીઓને આ પરિસ્થિતિમાંથી ક્યારે છુટકારો મળશે એ જોવાનું રહ્યું. ત્યારે ગામના કેટલાક પ્રતિષ્ઠિત નાગરિકો દ્વારા પ્રાંતિજ પ્રાંત અધિકારી એ.આર. ચૌધરીને રજુઆતો કરતાં અધિકારી દ્વારા જે તે જવાબદાર લોકને ઓફીસમાં બોલાવી કડકમાં કડક સુચનાઓ આપી છે.

## તલોદ પોલીસ સ્ટેશનના કર્મચારી સામે ભ્રષ્ટાચારની ફરિયાદ

તલોદ, તા. ૩૧

તલોદ એ વેપારી નગરી છે. પ્રતિષ્ઠીત નાગરીકોની નાની-મોટી ફરિયાદોનું તલોદ પોલીસના ટાઉન જમાદાર દ્વારા પતાવટ પદ્ધતિથી નિરાકરણ લાવી બંને પક્ષો પાસેથી તોડ પાણી કરી લેવાય છે. જેથી આ અંગે ઉચ્ચકક્ષાએ રજુઆત થતા આ લાંચિયા ટાઉન જમાદાર પાસેથી મોટાભાગની તપાસ છીનવી લેવાઈ હોવાનું જાણવા મળેલ છે. વધુમાં લાંચ લેવા ટેવાયેલા આ પોલીસ કર્મી અગાઉ લાંચ લેવાના ગુન્હામાં જિલ્લામાં પકડાયા હતા. જેની સજાના ભાગરૂપે તલોદ પોલીસ સ્ટેશનમાં નિયુક્ત કરાઈ છે. પરંતુ ઊંચી વગ ધરાવતા આ કર્મીને તલોદમાં પણ શહેરની જવાબદારી સોંપી દેતા અનેક શંકા કુશંકાઓ વેપારી આલમમાં ઉભી થઈ છે. જેથી સત્વરે કર્મીને જિલ્લા ખાતે લિવ. રિજર્વમાં બેસાડી દેવા માંગ ઉઠવા પામી છે.

તલોદ શહેરની અનેક ગંભીર ફરિયાદોને એફઆઈઆર કરવાને બદલે ફક્ત અરજી ઉપર તપાસ રાખી ફરિયાદીઓને એનકેન પ્રકારે માનસિક દબાણમાં લાવી તોડપાણી કરતા તલોદ ટાઉન જમાદાર કૌશીકભાઈ વ્યાસ વિરૂદ્ધ ઉચ્ચકક્ષાએ રજુઆતો થતા હાલમાં ટાઉન જમાદાર હસ્તકની તપાસો ડીવાયએસપી એ.ડી. વાસ્તવે છીનવી લઈ પીએસઆઈને સોંપી છે. તલોદ શહેરના બુટલેગરો તથા અસમાજીક તત્વો સાથે એકદમ નજીકનો ઘરોબો ધરાવતા આ પોલીસકર્મી પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદીઓ સમક્ષ આવા તત્વોને પોતાની પાસે બેસાડી રક્ષણ આપે છે. જેનાથી ફરિયાદીઓમાં પોલીસ સ્ટેશનમાં જતાની દહેશત ઉભી થઈ છે. તોછડી અને અસભ્ય ભાષામાં ફરિયાદીઓ સાથે વર્તુણુંક કરતાં આ લાંચિયા પોલીસકર્મી અગાઉ સમગ્ર જિલ્લાના વહિવટદાર તરીકે કામ કરતો હોવાનું પણ જાણવા મળ્યુ છે. વેપારીનગરી તલોદના આવા પોલીસકર્મીથી છાપ ખરડાઈ છે. તેમજ આરોપીઓને છાવરવાની અને ફરિયાદીઓને ધક્કા કવડાવવાની આ પોલીસકર્મીની કાર્ય પદ્ધતિ સામે વિરોધ-વંટોળ ઉભા થયા છે. વધુમાં સજા પામેલો કર્મચારીને તલોદ શહેરના કાનૂની પ્રશ્નોની જવાબદારી સોંપાઈ તે પણ એક આશ્ચર્ય બન્યુ છે. જેથી સત્વરે આવા પોલીસ કર્મીને તલોદમાંથી હટાવી લેવા જોરદાર માંગ ઉઠી છે.

## મોડાસામાં ૩૦ સફાઈ કામદારોના આમરણાંત ઉપવાસનો સુખદ અંત

અરવલ્લી જિલ્લાના પશુપાલન વિભાગના પશુ દવાખાનાઓમાં છેલ્લા કેટલાય વર્ષોથી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા ૩૦ સફાઈ કામદારોને ૨૦૦૬માં છુટા કરી દેવામાં આવતા સફાઈ કામદારના પરિવારજનોની હાલત કફોડી બની હતી. સફાઈ કામદારો દ્વારા જવાબદાર તંત્રમાં વારંવાર રજુઆત કરવા છતા ન્યાય ન મળતા તેમને થયેલા અન્યાય સામે લડત આપવા સોમવારે જિલ્લા પંચાયત કચેરી મોડાસાની બહાર હડતાળ પર ઉતરી આમરણાંત ઉપવાસ ત્રીજા દિવસે પ્રવેશ્યા હતા તેમજ જિલ્લા વિકાસ અધિકારી અને પશુપાલન અધિકારી દ્વારા વાટાઘાટોથી પ્રશ્નોનું નિરાકરણ લાવવા સતત પ્રયત્નશીલ હોવા છતા ૩૦ સફાઈ કામદારો નોકરી એ જ ન્યાય પર અડગ રહેતા જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા સફાઈ કામદારો સાથે ન્યાય આપવાની હૈયાધારણા અપાતા ત્રીજા દિવસે ૩૦ સફાઈ કામદારોને પારણા કરાવ્યા હતા.

અરવલ્લી જિલ્લા પંચાયત સંચાલિત પશુદવાખાનામાં ફરજ બજાવતા ૩૦ સફાઈ કર્મચારીઓને ૨૦૦૬માં છૂટા કરી દેવામાં આવતા આ કર્મચારીઓ પુનઃ ફરજ પર લેવામાં આવે તે માટે છેલ્લા ત્રણ દિવસથી તમામ સફાઈ કામદારો આમરણાંત ઉપવાસ પર ઉતરી જવાબદાર તંત્ર સામે ન્યાયની માંગ કરાતા જિલ્લા વિકાસ અધિકારી વિશાલ ગુપ્તા તેમજ પશુપાલન અધિકારી અને જવાબદાર તંત્ર દ્વારા ૩૦ સફાઈ કામદારોને સમજાવવા અનેક પ્રયાસો કરવા છતા સફાઈ કામદારો દ્વારા નોકરી એ જ ન્યાય અને જ્યાં સુધી નોકરી નહી ત્યાં સુધી આમરણાંત ઉપવાસ યથાવત રહેવાની માંગ કરતા હકારાત્મક પરિણામ મળ્યુ ન હતુ અને આમરણાંત ઉપવાસ ત્રીજા દિવસે સફાઈ કામદારોની તબીયત લથડતા ટસના મસ ન થતા બુધવારના સફાઈ કામદારોનો વિજય થતા આનંદ છવાયો હતો.



### તંત્ર ચાર્જમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. મેન પાવરના અભાવ વચ્ચે આમપણ વહીવટી કામગીરી પર વિપરિત અસર વર્તાઈ રહી છે. ત્યારે આજે પાટનગર યોજના ભવનના ત્રણ કાર્યપાલક ઈજનેર વયનિવૃત થતા સમગ્ર તંત્ર ચાર્જમાં આવી ગયુ છે. પાટનગર યોજના ભવનના ડિવિઝન ૧ ની જગ્યા છેલ્લા ઘણાં સમયથી ચાર્જમાં છે. ત્યારે ડિવિઝન ૨ થી ૪ ના કાર્યપાલક ઈજનેરની વયનિવૃતિના અંતે આખુ તંત્ર ચાર્જમાં આવી ગયુ છે. ડિવિઝન ૩ ના કાર્યપાલક ઈજનેર ભરત પંડયા માર્ગ મકાન વિભાગમાં ૩૬ વર્ષની સેવા પુરી પાડી આજે વયનિવૃત થયા હતા. જયારે જાન્યુઆરી ૨૦૧૩માં તેમને કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી મળી હતી. છેલ્લા ૧૪ મહીનાથી અમદાવાદ નેશનલ હાઈવેનો ચાર્જ પણ તેમને સોંપવામાં આવ્યો હતો.તેમના પિતા કાન્તિલાલ એન પંડયા પણ વિભાગીય હીસાબનીશ તરીકે વિભાગને સેવા પુરી પાડી હતી. તેમણે જણાંવ્યુ કે સાડા ત્રણદાયકાઓની આ વિભાગીય સફર દરમિયાન સ્ટાફના સભ્યો તેમજ કર્મચારીઓનો પ્રેમ મળ્યો ભાઈચારાની ભાવના અને હકારાત્મક અભિગમ સાથે કામ કરવાની ખુશી અનુભવુ છુ. ડિવિઝન ૨ના કાર્યપાલક ઈજનેર મયુર શાહ તેમજ ડિવિઝન ૪ ના કાર્યપાલક ઈજનેર પદેથી રજની સુથારને પણ કર્મચારીઓએ શુભેચ્છા પાઠવી તેમની સેવાને બિરદાવી હતી.

### ઉત્પત્તિના કેન્દ્રો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વેલન્સની કામગીરી ચાલવાની છે. જિલ્લાના આરોગ્યતંત્રની ટીમો ઘરે ઘરે ફરી અને દર્દીઓને શોધવા માટેની તેમજ મચ્છરોના પોરા શોધવાની કામગીરી કરી રહેલ છે. જિલ્લામાં પહેલીવાર આટલા મોટા પાયે આ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે.


### જાહેર નિવિદા નં.૪ સને ૨૦૧૬-૧૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં.-એ પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૩ (ત્રણ) કામના ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૩૦,૭૭૪.૦૦ થી ૨,૭૫,૨૨૩.૦૦ વચ્ચેની છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા ઠેકેદારો / આવા કામના અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ પેકી ક્રમાંક નં.૧ થી ૨ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૮/૯/૨૦૧૬ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલા ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૧૬/૯/૨૦૧૬ કચેરી સમય સુધીનો છે. તથા ક્રમાંક નં. ૩ ઓનલાઈન www.nprocure.com ઉપરથી તા. ૮/૯/૨૦૧૬ સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે.

માહિતી/૧૩૬૯/૧૬-૧૭



